# ગાંધીનગરમાં વધતું ગુન્હાખોરીનું પ્રમાણ ચિંતા ઉપજાવે છે..!

**(દર્શન માફ)** ગાંધીનગર, તા.૧૧

શાંત અને સુંદર નગર તરીકે આખા ભારતમાં છાપ ધરાવતા પાટનગર ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ક્રાઈમનો ગ્રાફ ઝડપી વધી રહ્યો છે અને જિલ્લાના મુખ્ય મથકોએ તથા જાહેર માર્ગો પર બિન્દાસ પણે અસામાજીક તત્વો પોતાના મનસુબા કાયમ કરે છે અને પોલીસ તંત્રને હંફાવે છે. જિલ્લામાં દિવસ દરમિયાન કયાંકને કયાંક ચોરી, લૂંટ, ચેન સ્નેચીંગ, મારામારી, ચીલ ઝડપ, જુગાર, હત્યા, ચિટીંગ, ખનન ચોરી, ખંડણી, છેડતી, ઘરફોડ, વાહન ચોરી, દારૂની હેરફેર, બળાત્કાર, અપહરણ સહિતના અનેક બનાવો પોલીસ મથકે નોંધાય છે તેમ છતાં પોલીસ તંત્ર કોઈ નક્કર પગલા ન લેતા હાલ વધતો જતો ક્રાઈમ રેટ ચિંતાનો વિષય બન્યો છે.

ભારતભરમાં શાંત અને સુંદર નગર તરીકેનું આગવું સ્થાન ધરાવતું નગર એટલે ગાંધીનગર, કયારે પણ ગાંધીનગરનું નામ લેવાય એટલે લોકોના મનમાં માત્ર ને માત્ર કચેરીઓ અને હરિયાળી જ યાદ આવે છે. પરંતુ આ હરિયાળા નગરને હવે જાણે કે કોઈની નજર લાગી હોય તેમ ધીમે ધીમે અહીંયા પણ અસામાજીક તત્વો પોતાની પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યા છે અને છેલ્લા ૨ વર્ષમાં આશરે ૨૩થી વધારે ચીલ ઝડપ, ૧૦ થી વધારે હત્યા, આશરે ૮ જેટલા બળાત્કાર બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે તો મારામારી, જુગાર, ચિટીંગ, છેડતી વાહન અને ઘરફોડ ચોરી તથા લૂંટ જેવા કિસ્સાઓના આંકડા તો ૨૦૦થી ૨૫૦ની ઉપર નોંધાયા છે અને ઘણા બનાવોમાં તો હજુ સુધી કોઈ કડીઓ કે ભાળ પણ મળી નથી તપાસનું બાનું બતાવી પોલીસ છટકી જાય છે તો બીજી તરફ ૧ મહિનાના ૩૦ દિવસમાંથી ૨૦ દિવસ બંદોબસ્તમાં વ્યસ્ત રહેતી પોલીસથી બેફિકર ઘરફોડીયા, ગઠીયા અને ચેનસ્નેચરો સહિત લુખ્ખા તત્વો પોતાની હાથ સફાઈ કરી પોલીસને હંફાવે છે. જેમાં નુકશાન માત્રને માત્ર આમ નાગરિકોને જ થાય છે. એક પ્રાથમિક સર્વે પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં વધી રહેલા ક્રાઈમ ગ્રાફના મુખ્ય બે કારણો તારણમાં આવ્યા છે.

જેમાં ગાંધીનગરની આસપાસના ગામડાઓમાંથી જે પ્રકારે જમીનના રૂપિયા આવ્યા છે. તથા ઉચ્ચ હોદ્દાઓ ઉપર બેસી સારા-સારા ટેબલ સંભાળતા અધિકારીઓના સંતાનોના મોજશોખ...! હાલ ગાંધીનગરની આસપાસના ગામડાઓની જમીન ઉંચા ભાવે વેચાતા ગામડાના ખેડૂતો પાસે આવેલા અઢળક નાણાં જેને ઉડાડવા અને મોજશોખ કરવા ખેડૂતો અને ખેડૂત પુત્રો ગમે તે હદે પહોંચ્યા છે. જુગાર અને દારૂ તો સવાર સાંજની ટેબલેટ છે. હાલમાં જે પ્રકારે મોંઘા મોબાઈલ ફોન, બાઈક, કાર અને લેપટોપ જેવા ઈલેકટ્રોનીક સાધનો વાલીઓ પોતાના બાળકોને લઈ આપે છે પરંતુ બાળકો આ ચીજવસ્તુઓની પાછળના મેન્ટેનન્સ ખર્ચને પુરો નથી કરી શકતા ત્યારે વાહન ચોરી, ઘરફોડ, ચેન સ્નેચીંગ જેવી પ્રવૃત્તિઓમાં જોડાયછે અને ક્રાઈમ રેટમાં વધારો કરે છે. જે હાલ ગાંધીનગરમાં ચિંતાનો વિષય છે.ત્યારે પોલીસે હવે વધતા જતા ક્રાઈમ ગ્રાફને નીચો લાવવા અને અસામાજીક તત્વોને પાઠ ભણાવવા માટે કોઈ ચોકકસ કાર્યવાહી આયોજન બધ્ધ રીતે કરવાની જરૂર છે અને કાયદાની ખરી તાકાત બતાવવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે. જો આવું થશે તો જ ફરી એક વાર શાંત અને સુંદર નગરની છાપ પાછી આવશે...!

> **જમીનોના રૂપિયા અને શ્રીમંત પરિવારોના પુત્રોના મોજશોખ મુખ્ય કારણ**



ભાજપ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલાં મહિલા તથા દલિત વિરોધી ઉચ્ચારણોના વિરોધમાં કોંગ્રેસ દ્વારા ગાંધીનગરમાં દેખાવો યોજવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

## જુવેનાઈલ જસ્ટીસ એક્ટ અને હ્યુમન ટ્રાફીકીંગ સંદર્ભે પાંચ દિવસની તાલીમ શિબિરનું આયોજન

### આજે ઉદયભાણસિંહ કોલેજ સે. ૩૦માં સવારે ૯.૩૦ કલાકે ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર રેંજ પોલીસ મહાનિરીક્ષક શમસેર સિંગે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૧૨મી જૂન-૨૦૧૨ થી ૧૬મી જૂન-૨૦૧૨ સુધી ઉદયભાણસિંહજી કોલેજ, સેક્ટર-૩૦, ગાંધીનગર ખાતે મહેસાણા સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ માટે 'જુવેનાઈલ જસ્ટીસ એક્ટ અને હ્યુમન ટ્રાફીકીંગ' તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા અને તજજ્ઞ વક્તાઓ ખાસ હાજરી આપી તાલીમાર્થીઓને વિષયથી અવગત કરશે.

ગાંધીનગરના પોલીસ મહાનિરીક્ષક શમશેર સિંગે પોલીસકર્મીઓ માટે પાંચ દિવસની તાલીમનું આયોજન કર્યું છે. ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટીટયૂટ ઓફ કો.ઓ. મેનેજમેન્ટ, કેન્દ્રીય વિદ્યાલયની બાજુમાં, સેકટર-૩૦, ગાંધીનગર ખાતે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ અને હ્યુમન ટ્રાફીકીંગ તાલીમ યોજાશે. જેનું ઉદ્‌ઘાટન આજે તા. ૧૨મી જૂન-૨૦૧૨ને મંગળવારે સવારે ૯.૩૦ કલાકે થશે. આ સેમિનારમાં ગાંધીનગર રેંજ હસ્તકના મહેસાણા, સાબરકાંઠા તથા ગાંધીનગર જિલ્લામાંથી દરરોજના ૬૦ એમ કુલ ૩૦૦ પોલીસ અધિકારી તથા કર્મચારીઓ ભાગ લેશે.

યુનિસેફ ગાંધીનગર એકમના સહયોગથી યોજાનાર પાંચ દિવસના સેમિનારમાં જુવેનાઈલ જસ્ટીસ એક્ટ અને હ્યુમન ટ્રાફીકીંગ વિષય ઉપર અનુભવી અને તજજ્ઞ વક્તા ડૉ. કૌશિક રાવલ, દીપક તરૈયા અને આવાઝ (એન.જી.ઓ.) અમદાવાદ દ્વારા વક્તવ્યો યોજવામાં આવશે. હ્યુમન ટ્રાફીકીંગ વિશે પોલીસ અધિકારીઓને સમજ આપવા માટે ખાસ વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર સેમિનારમાં પાંચ દિવસમાં ૩૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ જોડાશે અને જરૂરી માર્ગદર્શન સાથે વિશેષ માહિતી મેળવશે.

## આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કામોમાં ગાંધીનગર જિલ્લામાં રાજકીય કિન્નાખોરી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકારની એ.ટી.વી.ટી. (આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો) યોજના અંતર્ગત કમિટીમાં પ્રાંત અધિકારીને અધ્યક્ષ બનાવેલ છે. જયારે તેમાં મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધારાસભ્યશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી આ ઉપરાંત ત્રણ બીનરાજકીય સભ્યોની નિમણૂંક જે કલેક્ટરશ્રી કરે તે મુજબ કમિટીની રચના કરવાનું નક્કી કરેલ છે. જેમાં કરોડો રૂપિયાનું ગ્રામ કક્ષાએ વિકાસના કામોનું આયોજન કરવાનું હોય છે. તેમાં ત્રિસ્તરીય પંચાયતરાજના વડા એવા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીનો કોઈ જગ્યાએ સમાવેશ કરેલ નથી જે આશ્ચર્યની બાબત છે. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીને નાયબ મંત્રીશ્રી સમકક્ષ દરજ્જો આપવામાં આવેલ છે. તેમ છતાં આવા મોટા ગ્રામ કક્ષાના વિકાસના કામોનું આયોજન થતું હોય જેમાં ધારાસભ્યશ્રી અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીનો સમાવેશ કરાયેલ હોય અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીનો સમાવેશ ન કરાય તે દુઃખદ બાબત છે.

ગાંધીનગર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત કરાયેલ નિમણૂંકોમાં બીનરાજકીય ત્રણ સભ્યોની નિમણૂંકમાં ભાજપના કાર્યકરોની નિમણૂંક કરેલ છે. જેથી ચુંટાયેલા સભ્યોની અવગણના કરી બીન ચુંટાયેલ એવા ભાજપના કાર્યકરો પોતાના ગામમાં કામો સૂચવી અન્ય ગામોને વિકાસના કામોમાં અન્યાય કરે છે.

છેલ્લા છ માસના સમયગાળામાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે રાજકીય કિન્નાખોરી રાખી ભાજપના કાર્યકરોની નિમણૂંક તેમજ ભાજપના ધારાસભ્યોની સેન્સ લઈ તેમના સૂચવેલ કામો જ કરવામાં આવે છે તે બિલકુલ વાજબી નથી. એટલુ ંજ નહીં પણ જિલ્લા પંચાયતના ચૂંટાયેલ સભ્યોની અવગણના કરવામાં આવી રહી છે જેથી ગ્રામોના વિકાસમાં અન્યાય થઈ રહેલ છે. જેની સામે અમારી સખ્ત નારાજગી છે.

## અંશકાલીન કર્મચારીઓને પુનઃ નોકરીએ ચાલુ રાખો

ગાંધીનગર તા, ૧૧

ગુજરાત સરકારની જુદી જુદી કચેરીઓમાં ફરજ બજાવતાં અંશકાલીન કર્મચારીઓ અંદાજે ૧૫ થી ૨૦ વર્ષથી ખાતાની સત્તાની રૂએ સમાવેલા છે. કર્મચારીઓને ૩ વર્ષે કાયમી કરવામાં આવતા હોય છે. ત્યારે સરકારે આ કર્મચારીને છુટા કરવાના આદેશો બહાર પાડીને રોજીરોટી વગરના કરેલ છે. આ કર્મચારીઓ હાઈકોર્ટમાં બબ્બે વખત કેસ જીતી ગયેલા છે. હાઈકોર્ટે કાયમી કરવા આદેશ કરેલ છે. પરંતુ સરકારી જુદી જુદી શરતો મુકીને છુટા કરતા હોય છે. ફરીથી ત્રીજી વખત કર્મચારીઓએ હાઈકોર્ટમાં સ્ટે મેળવેલ છે.

રોજગાર કચેરીને સમાજકલ્યાણ ખાતા દ્વારા ભરતી થયેલ આ કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા છે. જે પછાત વર્ગના વિરોધી નિર્ણય કરેલ છે. તો સત્વરે અંશકાલીન કર્મચારીઓને નોકરીમાં ચાલુ રાખવા માગણી કરેલ છે.

## આજે બ્રહ્મવિદ્યા વિહંગમ યોગ સાધના શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

સદ્‌ગુરૂ સદાફલદેવ વિહંગમ યોગ સંસ્થાન, પ્રયાગ અને બ્રહ્મવિદ્યા વિહંગમયોગ સંસ્થાન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજે તા. ૧૨મી જૂન-૨૦૧૨ને સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન ગણેશ પાર્ટી પ્લોટ, મહેન્દ્ર મિલની સામે, કલોલ, તા. જિ. ગાંધીનગર ખાતે બ્રહ્મવિદ્યા વિહંગમ યોગ સાધના શિબિર અને સ્વર્વેદ કથામૃતનું આયોજન કરવામાં આવ્યું છે. કલોલ શહેરના સદ્‌ગુરુ સ્વતંત્રદેવ મહારાજના જયેષ્ટ પુત્ર વિજ્ઞાનદેવ મહારાજની વ્યાસપીઠે સ્વર્વેદ કથામૃત યોજાશે. જેનો સૌ ભક્તજનો લાભ લઈ શકશે.

## આનંદનો ગરબો

યતીનબહેન મોદીના ઘરે ૧૨-૬-૨૦૧૨ના રોજ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન પેથાપુર, મોટી બજાર ખાતે આનંદના ગરબાનું આયોજન કરેલ છે તો ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ લાભ લેવા જણાવાયું છે.

## ધી ગાંધીનગર અર્બન બેંકની વાર્ષિક બેઠક સંપન્ન

ગાંધીનગર, તા. ૧૧

ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ. ગાંધીનગરની તેરમી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં એસ.ટી.સી. ખાતે મળી હતી.

અર્બન બેંકના ચેરમેન ડાહ્યાભાઈ ટી. પટેલના અધ્યક્ષસ્થાને મળેલી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેને બેંકના વર્ષ ૨૦૧૧-૧૨ના હિસાબો અંગે માહિતી આપી બેંકનું શેર ભંડોળ ૨૦૪.૨૦ લાખ, ડિપોઝીટ ૩૫૬૩.૪૭ લાખ અને ધિરાણ ૨૨૯૮.૪૭ લાખના છે તેમ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બેંકે રૂ. ૪૩.૫૨ લાખનો નફો કર્યો છે. સભાસદોને શેરભંડોળ ઉપર ૧૦ ટકા ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું છે. બેંકનું નેટ એન.પી.એ. શૂન્ય છે.

# હા, દીકરી એટલે વ્હાલનો દરિયો જ...

## સૅક્ટર-૧૪ નિવાસી જિજ્ઞાસાબેન-સુકેતુભાઈ મહેતા પોતાની દીકરી નિધિને એ પુણ્ય જીવ ગણે છે જે માતા-પિતાને દીકરા કરતાંય વધુ મહત્ત્વ, માન અને પ્રેમ આપી રહી છે

**સંબંધ સજાવે જિંદગી**

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

'દીકરી એ પુણ્ય જીવ છે જે માતા-પિતાને દીકરા કરતાં વધુ મહત્ત્વ આપે છે, વધુ ચાહે છે અને વધુ આદર આપે છે. દીકરી ગમે ત્યાં હોય તો પણ તે હંમેશા માતા-પિતાની ચિંતા કરે છે, એમને યાદ કરે છે.'

આ શબ્દો છે એક યુવાન દીકરીના પિતા સુકેતુભાઈ મહેતાના. સુકેતુભાઈનાં પત્ની જિજ્ઞાસાબેનની પણ દીકરી માટેની લાગણી કંઈક આવી જ છે, 'દીકરી જ માની નિકટતમ મિત્ર બની શકે છે. દીકરી એ સંવેદનશીલ જીવ છે જે માના હૃદયની પીડા સમજી શકે છે અને કુટુંબને પણ સંયમ તથા નિયમિતતા શીખવે છે. મારો તો દીકરી માટે આ જ અનુભવ છે.'

સૅક્ટર-૧૪માં રહેતા અને મૂળ વતન ઉનાના સુકેતુભાઈ મહેતાનાં લગ્ન મૂળ ભાવનગરનાં વતની જિજ્ઞાસા મહેતા સાથે ૧૯૮૬માં થયાં. એ પછી ૧૯૯૦માં એમને ઘેર પારણું બંધાયું. દીકરીનો જન્મ થયો. નામ રખાયું નિધિ.

સુકેતુભાઈની પહેલેથી જ ઈચ્છા હતી કે ઘરમાં દીકરી જ આવવી જોઈએ. દીકરી આવે તો પેંડા વહેંચવા એવો મનોમન નિર્ણય પણ એમણે કરી રાખ્યો હતો. એ કારણે દીકરીનો જન્મ થતાં એમણે ખરેખર ખુશ થઈને પેંડા વહેંચ્યા હતા. ઘરમાં દીકરીનું અવતરણ થયું એ પળ પોતાની જિંદગીની સૌથી ધન્ય પળ હતી એવું એમનું માનવું છે.

સુકેતુભાઈ મહેતાનું નામ ગાંધીનગરમાં સેવાભાવી રક્તદાતા તરીકે જાણીતું છે. અત્યાર સુધીમાં ૧૧૧ વખત એમણે રક્તદાન કર્યું છે. તો એમનાં પત્ની પણ સેવા ભાવનામાં એમના જેવાં જ છે. એમણેય અત્યાર સુધીમાં ૫૬ વખત રક્તદાન કર્યું છે. સુકેતુભાઈ તો એવી સેવાભાવનાવાળા છે કે કોઈ અજાણી વ્યક્તિ પણ તેમને અડધી રાતેય ફોન કરે તો રક્તદાતાઓને ગમે ત્યાંથી શોધીને એમને રક્તદાન કરવા જરૂરિયાતમંદ દર્દી સુધી પહોંચાડી આવે છે અને રક્તદાન થઈ જાય પછી રક્તદાતાને એના ઘર સુધી પણ પહોંચાડી આવે છે.

સેવા અને પરગજુપણાના આ સંસ્કાર એમની સંવેદનશીલ દીકરીમાંય બરાબર ઊતર્યા છે. નિધિ ૧૮ વર્ષની થઈ એ પછી પપ્પાના જન્મદિવસ નિમિત્તે તેણે

પહેલીવાર રક્તદાન કરીને પપ્પાને સુખદ્ આશ્ચર્ય સહ



અનોખી ભેટ આપી હતી. ત્યારથી માંડીને અત્યાર સુધીમાં નિધિ કુલ ૧૧ વખત રક્તદાન કરી ચૂકી છે.

નિધિએ ધોરણ-૧થી ૧૦નો અભ્યાસ ગુરુકુલમાં કર્યો છે અને ધોરણ-૧૧ તથા ૧૨નો અભ્યાસ ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે. એ પછી ઍમ ઍસ યુનિવર્સિટી, બરોડા ખાતે તેણે પ્રવેશ મેળવ્યો અને આર્કીટેક્ટના અભ્યાસક્રમમાં છેલ્લા વર્ષમાં હાલ તે અભ્યાસ કરી રહી છે.

સેવાભાવી માતા-પિતાની આ દીકરીને ગરબા, નૃત્ય અને વાચન તથા રાંધણનો ખૂબ શૉખ છે. ભરતનાટ્યમ્‌માં તેણે ૭ વર્ષની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

દીકરી કેટલી સંવેદનશીલ છે અને માતા-પિતાની કેટલી નજદીક છે અનો પરિચય સુકેતુભાઈ-જિજ્ઞાસાબેનને તાજેતરમાં જ થઈ ગયો હતો. વાત એમ બની કે દીકરી બરોડા રહીને અભ્યાસ કરી રહી હતી. અને અહીં ગાંધીનગરમાં પતિ-પત્ની બંને બીમાર પડ્યા. કોણ કોની સેવા કરે ને કોણ કોને દવાખાને લઈ જાય ? એવી બંનેની હાલત હતી. આવે વખતે દીકરી વ્હારે ધાઈ. બરોડામાં બેઠેલી વ્હાલસોયી દીકરીને એ વાતનો અંદેશો આવી ગયો કે ગાંધીનગરમાં પોતાના માતા-પિતા મુશ્કેલીમાં છે. ચિંતામાં આવીને એણે ઘેર ફોન કર્યો તો માતા-પિતાની હાલત જાણવા મળી. સમયસૂચકતાનો ઉપયોગ કરીને નિધિએ તુરંત જ ગાંધીનગરમાં પરિચિત ડૉક્ટરને ફોન કરી દીધો ને એમને તાત્કાલિક ઘરે પહોંચવા જણાવી દીધું. એ સાથે જ પોતે પણ બરોડાથી ગાંધીનગર આવવા રવાના થઈ ગઈ.

ડૉક્ટરની સમયસર સારવાર મળી ને ગણતરીના કલાકોમાં દીકરી પણ સવા કરવા માટે હાજર થઈ ગઈ ત્યારે આ ગરવા દંપતિને દીકરી ઉપર જે વ્હાલ ઉપજ્યું એનું વર્ણન શબ્દોમાં શક્ય નથી. જે આશાઓથી એમણે દીકરીની ખેવના કરી હતી એ આશા સાંગોપાંગ પૂર્ણ થઈ છે એ બાબતનો પરચો એમને મળી ગયો હતો !

એટલે જ તો એ દીકરીને વ્હાલનો દરિયો ગણે છે !

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૭.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: **સ્ક્રીન-૧** : શાંઘાઈ : ૧૨.૦૦
રાઉડી રાઠોડ : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: **સ્ક્રીન-૨** : શાંઘાઈ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
રાઉડી રાઠોડ : ૧૨.૧૫
: **સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦
: **સ્ક્રીન-૪** : રાઉડી રાઠોડ : ૧૧.૦૦
શાંઘાઈ : ૧.૪૫, ૪.૧૫, ૬.૪૫, ૯.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧** : પ્રોમેથ્યુસ (૩ડી) હિન્દી : ૧૦.૦૦, ૨.૩૦, ૭.૦૦
મડાગાસ્કર :૩- યુરોપ્સ મોસ્ટ વોન્ટેડ (અંગ્રેજી) : ૧૨.૩૦, ૫.૦૦
શાંઘાઈ : ૯.૩૦
**સ્ક્રીન-૨** :રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
**સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૧૧.૧૫
રાઉડી રાઠોડ : ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૪** : શાંઘાઈ : ૧૦, ૧૨.૩૦, ૩, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- રાત્રે ૯.૩૦ કલાકે આર્ટ લવર્સ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : આજે આપની પ્રિય વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર- વ્યવસાયિક ક્ષેત્ર વિસ્તૃત થવાના યોગ બની રહ્યા છે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાચવવું.

**વૃષભ** : કાર્યોમાં નવીન સમસ્યાઓ ઉત્પન્ન ન થાય તેની તકેદારી રાખવી. આવક કરતાં ખર્ચ વધે નહી તેની કાળજી રાખવી. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

**મિથુન** : આરોગ્ય સંબંધી સામાન્ય હેરાનગતિ સંભાવિત છે. લેવડ-દેવડમાં ધ્યાન રાખવું. ઉચ્ચસ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. સાવધાની રાખવી.

**કર્ક** : આપના કાર્યોમાં મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થશે. જે તમારા કાર્ય તેમજ વેપારને નવી ગતિ પ્રદાન કરશે. વિશેષ પ્રયાસથી જ કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે .

**સિંહ** : સંતાનપક્ષ તરફથી સારા સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. વ્યાપાર-વ્યવસાય તથા નોકરીમાં ગોપનીયતા બનાવી રાખાવી જરૂરી રહેશે. પ્રેમ સંબંધોમાં સફળતા મળવાનો યોગ છે.

**કન્યા** : વ્યવસાયિક- વ્યાપારક્ષેત્રે નવી યોજનાઓ સફળ થઈ શકે છે. માન- સન્માનનો યોગ બની રહ્યો છે. આવક- જાવક સમાન રહેશે. જમીન, મકાન- સ્થાયી સંપત્તિ સંબંધી વિવાદોને વધારશો નહીં.

**તુલા** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જ તમારા હિંતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

**વૃશ્ચિક** : કુટુંબના સદસ્યો તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ. સાહિત્યિત કાર્યક્રમોમાં ભાગ લેવાનું થઈ શકે છે. નવીન કાર્યો કરવાનો અવસર પણ પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : આપના પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોમાં પણ સફળતા મેળવી શકાશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**મકર** : કામમાં અતિ વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. વેપારમાં નવી યોજનાઓ આરંભ થશે.

**કુંભ** : આપ પોતાની બુદ્ધિ અને તર્કશક્તિ દ્વારા કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. નવા સંબંધ બની શકશે.

**મીન** : આપના શત્રુઓ તમારી છબીને ધૂમિલ કરવાનો પ્રયત્ન કરી શકે છે. જેથી સાવચેત રહેવું. ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો.

## ચિરવિદાય

- સ્વ. ધીરજબા હિંમતસિંહ વાઘેલા ઉવ ૯, ગામ પીંડારડા, તા. જિ. ગાંધીનગર
- સ્વ. રાજકુમારીબેન બળદેવપ્રસાદ પાઠક, ઉવ ૬૪, મુ. વાવોલ, ૩૦, શાલીન-૨, તા. જિ. ગાંધીનગર
- સ્વ. શાંતાબેન માધાભાઈ પટેલ, ઉવ ૯૦, મુ. પેથાપુર, નવો પટેલ વાસ, તા. જિ. ગાંધીનગર
- જગદીશચંદ્ર નવીનચંદ્ર શાસ્ત્રી, ઉવ ૫૧, પ્લૉટ નં. ૪૬૩/૧, સૅક્ટર-૨૬, કિસાનનગર, ગાંધીનગર
- સ્વ. ગૌરીબેન નટવરભાઈ લઢેલ, ઉવ ૫૦, જીઈબી કૉલોની, ટાઈપ-૪, ૬/૯, ગાંધીનગર

## ગાંધીનગર વિકાસ પરિષદની સમાન્ય સભામાં હોદેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર વિકાસ પરિષદની પુનઃ રચના કરવા માટે તાજેતરમાં ગાંધીનગર વિકાસ પરિષદના સભ્યોની લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં પરિષદના પદાધિકારીઓની અન્ય ફેરફાર ન થાય ત્યાં સુધી વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ લવજીભાઈ વાડીઆના નામની રજૂઆત થતા તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. કાર્યકારી પ્રમુખ તરીકે જયંતભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ તરીકે મૂળજીભાઈ પરમાર 'દધિ' અને જે.જે. ત્રિવેદી, મહામંત્રી તરીકે રાજેન્દ્રભાઈ પારેખ, પ્રવરમંત્રી તરીકે નિરંજનભાઈ ઓઝા, મંત્રી તરીકે મંગળભાઈ ચૌહાણ, સંગઠન મંત્રી તરીકે બી.એમ. પરમાર અને કોષાધ્યક્ષ તરીકે જે. જે. ત્રિવેદીની વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદ્દેદારોને સૌએ આવકાર આપી વધાવી લીધા હતા.